**નવવિધાન**

**રિશ્તા**

**વિચારપ્રેરક પત્રિકા**

# અંક: ૨ ૧૫-૯-૨૦૧૩

## અન્ન સુરક્ષા ધારો




"એક પણ સશક્ત પુરુષ અથવા સ્ત્રી કામ અગર ખાધા વગર રહે ત્યાં સુધી આરામ કરવાની અથવા પેટ ભરીને જમવાની આપણને શરમ આવવી જોઈએ." ('યંગ ઈન્ડીઆ' ૬-૧૦-૨૧.)

"એવાં લાખો ભૂખે મરતાં પડ્યાં છે કે જેમની આગળ ઈશ્વરની વાતો કરો તે કદી ન સાંભળે. પણ તેમને પેટભર અન્ન મળે એવો કોઈ રસ્તો બતાવશો તો તમને ઈશ્વર તરીકે પૂજવાને તેઓ તત્પર થશે. એવાની આગળ તમે નીતિની અને મનુષ્યસેવાની, મનવપ્રેમ અને ઈશ્વરની ભક્તિની વાત કરશો તો તે કોઈ સાંભળવાનું નથી. આ મારે હાથે જ મેં તેમની પાસેથી તેમના ચીંથરામાં કસીને બાંધેલા અને ધૂળથી ખરડાયેલા પાઈ-પૈસા ભેગા કર્યા છે. તેમની આગળ આધુનિક પ્રગતિની વાતો કરવાનો કશો અર્થ નથી. તેમની આગળ ફોગટ ઈશ્વરનું નામ લઈને તેમનું અપમાન ન કરો. જો આપણે તેમને ઈશ્વર વિશે વાત કરીશું તો તેઓ તમને અને મને શેતાન કહેશે. તેઓ ઈશ્વરને ઓળખતા હોય તોયે તેઓ તેને ત્રાસ અને વેરના ઈશ્વર તરીકે, એક નિર્દય અત્યાચારી તરીકે ઓળખે છે." ('યંગ ઈન્ડીઆ' ૧૫-૯-૨૭)

**(કોંગ્રેસ પક્ષનાં અધ્યક્ષા (અને ઈસુનાં અનુયાયી) શ્રીમતિ સોનિયા ગાંધીએ મહાત્મા ગાંધીજીનાં ઉક્ત વિધાનોથી પ્રેરાઈને પ્રથમ 'મનરેગા' અને તાજેતરમાં'અન્ન સુરક્ષાધારો' લોકસભામાં ભારે જહેમત ઉઠાવીને પસાર કરાવ્યો છે જેના લીધે લાખો બુભૂક્ષિત દેશવાસીઓને રાત્રે ભૂખ્યા પેટે પથારીમાં સૂવા જવું નહિ પડે અને લાખો કુપોષિત બાળકોને અકાળે મૃત્યુનો ભોગ થવાથી બચાવી શકાશે. પરંતુ, જેમ ગરીબોને માટે બનાવેલી અન્ય સરકારી યોજનાઓ, કાં તો વ્યાપક ભ્રષ્ટાચારને કારણે અથવા તો તેના લાભાર્થીઓમાં એ બાબતે પૂરી જાણકારીનો અભાવને કારણે જરૂરીયાતમંદો સુધી પહોંચતી નથી તેવું 'અન્ન સુરક્ષાધારો' બાબતે પણ થશે એમાં શંકા નથી.**

**મારો આ અનુવાદીત લેખ ચારેક સેક્યુલર સામયિકોમાં પ્રસિદ્ધ થઈ ચૂક્યો છે. 'નવ વિધાન'માં પ્રસિદ્ધ કરવાનો હેતુ એ છે કે વાચકો આ ગરીબલક્ષી યોજનાની સાચી સમજ કેળવે જેથી ગરીબ વિરોધીઓ સમક્ષ તેનો બચાવ કરી શકે. આપણાં પેરીશોના ભૌગોલિક વિસ્તારમાં આ યોજના જેને લાગુ પડે છે તેવાં સહુ જરૂરીયાતમંદ ભાઈબેનોને, ધર્મસંપ્રદાયથી પર રહીને, વ્યક્તિગત રીતે યા પેરીશ માળખાના કોઈ યુનિટ દ્વારા, આપણે કેથોલિક મતાવલંબીઓ કેવી રીતે મદદરૂપ બની શકીએ તે અંગે વિચારમંથન થાય એ હેતુ ખાસ લક્ષ્યમાં છે. પેરીશ યા પેરીશપ્રીસ્ટને વચમાં લાવ્યા વિના સ્વતંત્રપણે જરૂરિયાતમંદ ગરીબોને આ બાબતે સહાયરૂપ થવાની પહેલ આવકારદાયક રહેશે અનેં તે મ.ગુજરાતના શિક્ષિત ઈસાઈ સમૂહો દ્વારા ખૂબ જરૂરી તથા પ્રેરણાદાયક એવો એક નવો અભિગમ પણ બની રહેશે. હકીકતે આ બાબત અરજન્ટ લેખાવી જોઈએ છે. )**

દેશની વસ્તીના ૬૭ ટકાને ખાદ્ય અનાજ પૂરું પાડવા યુ.પી.એ. સરકારે વટહુકમ બહાર પાડવાનો જે નિર્ણય લીધો છે તેનો વિરોધ પક્ષોએ જોરદાર વિરોધ કર્યો છે. વિરોધ પક્ષોને તો ખરેખર નવાઈ એ લાગી છે કે યુ.પી.એ. સરકારને ટેકો આપનાર એન.સી.પી.પક્ષના નેતા શરદ પવારનો ભારે વિરોધ હોવા છતાં સરકારે આ વટહુકમ બહાર પાડ્યો છે. શરદ પવાર (એન.સી.પી.) તથા મુલાયમ સિંઘ યાદવ (એસ.પી.) કે જેઓ સરકારને ટેકો આપી રહ્યા છે તેઓના મંતવ્યે પ્રસ્તુત ધારો ખેડૂત-વિરોધી તથા નાના પાયે અનાજની નિકાસ કરનારા વેપારીઓ-વિરોધી છે માટે તેનો વિરોધ કરવો જરૂરી છે. આ બંને નેતાઓ એવું માને છે કે લાભાર્થી ગરીબોના વિશાળ સમૂહોને અનાજ આપવા માટે સરકારને મોટા પાયે ખેડૂતો પાસેથી અનાજની ખરીદી કરીને પુરવઠો એકઠો કરવો પડશે જેને કારણે ખેડૂતો અને નાના વેપારીઓને ખાનગી બજારોમાં તેમનું અનાજ વેચીને પૈસા કમાવાની તક ઝૂંટવાઈ જશે. પરંતુ, અભ્યાસાર્થીઓના આંકડા સૂચવે છે તેમ ઉપરોક્ત દલીલો ક્ષતિયુક્ત લાગે છે, કારણ સરકાર અનાજનો પુરવઠો ભેગો કરે ત્યાર પછી પણ સરપ્લસ અનાજ ખેડૂતો તથા નાના વેપારીઓને પણ ઉપલબ્ધ બની રહેવાનું છે અને તેથી ખાનગી બજારોને કશી માઠી અસર પડવાની નથી. દેશમાં આજે પ્રતિ વર્ષ ૨૦૦ મિલિયન ટન અનાજ પાકે છે તેમાંથી ખેડૂતો પોતાને ખાવા માટે જે વાપરે છે તેને બાદ કરતાં લગભગ ૧૪૦ મિલિયન ટન અનાજ સરપલ્સ રહે છે. 'કમિશન ફોર એગ્રીકલ્ચરલ કોસ્ટ્સ એન્ડ પ્રાઈઝીસ' ના મંતવ્ય મુજબ 'અન્ન સુરક્ષા ધારા' હેઠળ વહેંચવા માટે ૬૦ મિલિયન ટન અનાજની જરૂર પડશે. એટલે, ખેડૂતા તેમજ વેપારીઓ પાસે ખાનગી બજારમાં વેચવા માટે અનાજ મળશે નહિ એવી દલીલ કરીને શરદ પવાર પ્રસ્તુત ધારાને ખેડૂત વિરોધી ગણાવે છે તે પણ ખોટી ઠરે છે. હકીકતે તો ૮૦ મિલિયન ટન જેટલો અનાજનો ગંજાવર પુરવઠો ખેડૂતોને તથા વેપારીઓને ખાનગી બજારોમાં વેચવા મળી શકશે.

### 'ખેડૂત વિરોધી'

સરકાર જ્યારે વરસો વરસ ખેડૂતોને ટેકાના ભાવ આપીને તેમનું અનાજ ખરીદ કરતી હોય છે ત્યારે પ્રસ્તુત ધારાને 'ખેડૂત વિરોધી' કહેવો એ યોગ્ય કેવી રીતે લેખાય? હકીકતે તો આવી જોગવાઈ ખેડૂતો માટે વીમાની યોજના સરીખી ગણવી જોઈએ જેમાં રોકેલાં નાણાં પરત મળવાની પૂરી ખાતરી છે. ખેડૂતો જે શાકભાજી પકવે છે તેનું તેમને યોગ્ય વળતર મળી રહે અને હેતુ બદહેતુથી બદલાતાં બજારોની એમના

પર માઠી અસર ના પડે એ આશયે કેટલાક સમયથી તેમને ટેકાના ભાવો અચૂક મળી રહે એ માટે સરકારમાં ચર્ચા વિચારણા ચાલુ છે. આ લેખકે સમાજવાદી પક્ષ (એસ.પી.) ના પ્રવક્તાને પ્રશ્ન કર્યો કે અન્ન સુરક્ષા ધારો કેવી રીતે ખેડૂત વિરોધી છે તેની સ્પષ્ટતા કરો તો તેમણે જવાબ આપ્યો :''સંસદમાં જ્યારે આની ચર્ચા થાય ત્યારે અમે સ્પષ્ટતા કરીશું. તેમણે મને એ પૂછ્યું કે યુ.પી.એ.સરકાર 'એન્ટી કમ્યુનલ વાયોલેન્સ બીલ' અને 'સાચર કમિટિ'ની ભલામણોનો અમલ કરાવવા બાબતે કેમ ઉતાવળ કરતી નથી એ અમને તમે સમજાવશો?'' આવો પ્રશ્ન સમાજવાદી પક્ષનો 'અન્ન સુરક્ષા ધારો''નો વિરોધ કરવા પાછળનો છુપો ઈરાદો કયો છે તેની ઝાંખી કરાવે છે. અર્થાત, સંસદમાં ચર્ચા ઉપડે ત્યારે સમાજવાદી પક્ષ કદાચ નરમ વલણ અપનાવે જો યુ.પી.એ. સરકાર ઉપરોક્ત બે બીલો અંગે વિધેયાત્મક પ્રતિભાવ આપે જેથી મુલાયમ સિંઘ યાદવની મુસ્લિમ વોટ બેન્ક જળવાઈ રહે.

### સાથી પક્ષો

યુ.પી.એ.ના સાથી પક્ષોના વિરોધ પાછળનું કારણ એવું જણાય છે કે જેમ સરકારે 'અન્ન સુરક્ષા ધારો'' લાવીને પોતાની વોટબેન્ક મજબૂત કરી છે તેમ એને ટેકો આપતા સાથી પક્ષોની વોટબેન્કોને પણ ૨૦૧૪ની સામાન્ય ચૂંટણીઓ પહેલાં યુ.પી.એ. સરકારે મજબૂત કરવા કંઈક કરવું જોઈએ છે. આ વાત સાચી હોય તો પણ એ ધ્યાનમાં રાખવું જોઈએ કે વર્તમાન સરકાર પોતાના શાસનકાળના આરંભથી જ 'અન્ન સુરક્ષા ધારો'' લાવવા ઈચ્છતી હતી. વાસ્તવમાં યુ.પી.એ. સરકારે લગભગ અઢી સાલ દરમ્યાન આ બાબતે સઘન અભ્યાસ કર્યો છે, પોતાની સરકારમાં એની ચર્ચા-વિચારણા કરી છે, નેશનલ એડવાઈઝરી કાઉન્સીલ (એનએસી) અને પાર્લામેન્ટરી સ્ટેન્ડીંગ કમિટિ સાથે વિચાર વિમર્શ કર્યો છે ને ત્યાર પછી જ ધારો લાવવાનો સંકલ્પ કર્યો હતો. આ હકીકતની કદાપિ અવગણના કરી શકાય નહિ.

### ડાબેરી પક્ષો

ડાબેરી પક્ષોનું 'અન્ન સુરક્ષા ધારો''પ્રતિનું વલણ વિવિધ પાસાં ધરાવે છે. તે આ બીલને ટેકો આપે છે પણ જણાવે છે કે વટહુકમ જાહેર કરવો એ બિનલોકશાહી પગલું છે. કારણ, સંસદમાં બીલની ચર્ચા થાય તો એમાં જરૂરી સુધારા લાવી શકાય અન્યથા નહિ. કોંગ્રેસ જવાબમાં એવું કહે છે કે વટહુકમની ચર્ચા તો સંસદમાં થવાની છે ને ત્યાર પછી જ તે કાયદો બનવાનો છે.અગાઉ થોડા મહિના પહેલાં જ્યારે બળાત્કાર વિરોધી વટહુકમની ચર્ચા સંસદમાં કરવામાં આવેલી ત્યારે ચર્ચા દરમ્યાન આવેલાં સૂચનોને ધ્યાનમાં લઈ તેને જે કાનૂની સ્વરૂપ આપવામાં આવ્યું તે વટહુકમ કરતાં જુદું જ હતું. 'અન્ન સુરક્ષા ધારો''અંગે પણ આવી ગુંજાઈશ રહેલી છે.

સંસદના ભૂતકાળમાં ડોકિયું કરીએ તો જાણવા મળે છે કે વટહુકમો લાવવા પાછળનું કારણ જે તે બાબતની તાકીદે ચર્ચા ના થાય એ હતું. પરંતુ, 'અન્ન સુરક્ષા ધારો'' બાબતે વટહુકમ લાવવા પાછળ યુ.પી.એ.નો ઈરાદો કંઈક જુદો લાગે છે. એટલે કે, ૨૬ જુલાઈથી શરૂ થનાર સંસદના ચોમાસુ સત્રમાં અગાઉની જેમ જ ભાજપ એક યા બીજા કારણે દખલગીરી કરશે, સંસદને ઠપ કરી દેશે, ચર્ચા નહિ ચાલવા દે જેથી એ રીતે ૨૦૧૪ની સામાન્ય ચૂંટણીઓમાં કોંગ્રેસના ભાવિ પર વિપરીત અસર કરવામાં સફળ થાય.

### ભા.જ.પ.

છત્તીસગઢ રાજ્યમાં તો ખુદ ભા.જ.પ.સરકારે ક્યારનોયે અન્ન સુરક્ષા કાયદો બનાવ્યો છે અને રાજ્યની વસ્તીના ૯૦ ટકા જેટલા લાભાર્થી ગરીબોને આ કાયદા હેઠળ અનાજ પૂરું પાડવામાં આવે છે. ભા.જ.પ આ હકીકતથી પૂરેપૂરો સભાન છે એટલે એને લક્ષ્યમાં લઈ અન્ન સુરક્ષા ધારાનો કેવળ ટેકનીકલ વિરોધ કરી રહ્યો છે. તેની દલીલ એવી છે કે આજે જ્યારે રાષ્ટ્રનું આર્થિક માળખું ડામાડોળ છે ને તેને પુનઃ સબળ બનાવવા સરકાર ભગીરથ પ્રયાસો કરી રહી છે તેવે સમયે સરકારે વધારાનો બોજો ઉપાડવો ના જોઈએ. સરકાર આજે લગભગ રૂ. ૯૫,૦૦૦ કરોડ અનાજની સબસીડી રૂપે ખર્ચે છે જેના દ્વારા વસ્તીના ૪૫ ટકાને અનાજ આપી શકે છે. જો હવે અન્ન સુરક્ષા ધારા હેઠળ ૬૭ ટકા વસ્તીને અનાજ પૂરું પાડવું હોય તો સરકારી તિજોરી પર રૂ. ૩૦,૦૦૦ કરોડનો વધારાનો બોજો પડશે જેની દેશના આર્થિક માળખા પર વિપરીત અસર પડી શકે છે, જે રાષ્ટ્રના હિતમાં નહિ હોય.

### લાભાર્થીઓની ઓળખ કેળવવી

અન્ય પ્રજા કલ્યાણ યોજનાઓની જેમ અન્ન સુરક્ષા ધારાના અસરકારક તથા ભ્રષ્ટાચાર વિહિન અમલીકરણ બાબતે પણ યુપીએ કેટલાંક મહત્ત્વનાં સોપાન લેવાની કવાયત શરૂ કરી છે. તાજેતરમાં જ તેણે આ સંદર્ભે આરંભેલ સોસ્યો-ઈકોનોમિક અને કાસ્ટ સર્વેક્ષણ પૂરું કર્યું છે અને લાભાર્થીઓની પાત્રતા - અપાત્રતા નક્કી કરવા કેટલાક માપદંડો (ક્રાઈટેરીયા) બનાવ્યા છે. ત્રણ ઓરડાનું પાકું મકાન, ટુ વ્હીલર, કુટુંબમાં ઈન્કમ ટેક્ષ ભરતા સભ્યો . . . વગેરેની જાણકારી કેળવીને આવા પરિવારોને લાભાર્થી યાદીમાંથી કમી કરવામાં આવશે. આ પ્રકારની પ્રાથમિક માહિતીને આધારે જણાય છે કે સમગ્ર દેશમાંના લગભગ ૩૫ ટકા જેટલા પરિવારો લાભાર્થીઓની યાદીમાંથી કમી થઈ જશે. આ બાબતે કેટલીક ગંભીર સમસ્યાનો સામનો સરકારને કરવો પડે તેવો ભય છે કારણ, પ્રસ્તુત માપદંડોને કારણે દલિતો તથા અતિ પછાત વર્ગોની પણ લાભાર્થીઓની યાદીમાંથી આપમેળે બાદબાકી થઈ જશે. આજે ઉ.પ્ર. તથા પંજાબના પશ્ચિમી ઈલાકાઓમાં વસતા સંપન્ન દલિત સમૂહા સબસીડી હેઠળ મળતા અનાજનો લાભ લેતા હોય છે. આ વર્ગો દ્વારા સરકારના ઉપરોક્ત માપદંડોનો વિરોધ થાય એવી દહેશત છે, જે રાજકીય રીતે સરકારને આગામી સામાન્ય ચૂંટણીઓમાં મોટા વિઘ્નરૂપે નડે અને વિરોધ પક્ષો તેનો ગેરલાભ ઉઠાવી લે તે નક્કી છે.

કોઈ પણ રાજકીય પક્ષ અન્ન સુરક્ષા ધારાનો વિરોધ નહિ કરી શકે એ ચોક્કસ છે તેમ છતાં મનમોહન સિંઘની સરકારે ધારાના સફળ તથા અસરકારક અમલીકરણ બાબતે સઘન અભ્યાસ કરીને પૂરેપૂરી તકેદારી રાખવી પડશે નહિ તો આવી મહત્ત્વકાંક્ષી કલ્યાણ યોજના પડી ભાંગીને ભુક્કા થઈ જવાનો પૂરેપૂરો ભય છે. એવું થાય તો બકરું કાઢતાં ઊંટ પેસી ગયું જેવી સરકારની દશા થશે ને દેશવાસીઓ સરકારની મજાક ઉડાવશે. લાભાર્થીઓની પાત્રતા નક્કી કરવાના માપદંડો અંગે હજી તો સરકાર અવઢવમાં છે ને કોઈ આખરી નિર્ણય પર આવી શકી નથી.



**". . .મને ભૂખ લાગી હતી ત્યારે તમે મને ખાવાનું આપ્યું હતું. . .હું સાચું કહું છું કે, આ મારા ભાઈઓમાંના અદનામાં અદના માટે જે કંઈ કર્યું છે તે મારે માટે જ કર્યું છે"**
**(ભગવાન ઈસુ. માથ્થી ૨૫)**

## વિપરીતતાઓની વિમાસણ

'અન્ન સુરક્ષા ધારો' માં એવી એક જોગવાઈ કરેલી છે કે વિપરીત સંજોગો દા.ત. દુકાળના સમયે જ્યારે દેશમાં અનાજનું ઉત્પાદન બહુ ઓછું થયું હોય ત્યારે થોડા સમય પૂરતો આ ધારાનો અમલ મોકુફ રાખવામાં આવશે ને તેનો અમલ કરાશે નહિ. આવી શક્યતા નકારી શકાય નહિ કારણ ૨૦૦૨-૨૦૦૩ ની સાલમાં કારમો દુકાળ પડ્યો હતો અને અગાઉની સાલની સરખામણીમાં લગભગ ૩૫ મિલિયન ટન અનાજ ઓછું પાક્યું હતું.

આ પ્રકારની વિપરીત પરિસ્થિતિને ખાસ ધ્યાનમાં રાખીને એગ્રીકલ્ચર મિનિસ્ટ્રીએ રૂ. ૧,૧૦,૦૦૦ કરોડ કરતાં પણ વધારે ફંડની બજેટમાં જોગવાઈ કરીને આગામી પાંચ સાલ દરમ્યાન સિંચાઈ સુવિધાઓ વધારવા, વધુ ગોદામો બાંધવા તથા એવી આવશ્યક અન્ય સુવિધાઓ ઊભી કરવા નિર્ણય કર્યો છે, જેથી અણધાર્યા આવી પડતા વિષમ સંજોગોને પહોંચી વળાય. ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષમાં તો ભારતે રેકોર્ડ ૨૦૦ મિલિયન ટન અનાજનું ઉત્પાદન હાંસલ કર્યું છે અને પ્રથમ વાર ભારતે ૨૦ મિલિયન ટન કરતાં વધારે ચોખા, ઘઉં અને મકાઈની નિકાસ કરી છે. અનાજના ઉત્પાદનની આવી ઉજ્જવળ સિદ્ધિને વરસો વરસ જાળવી રાખવા માટે સિંચાઈ આદિ જરૂરી સઘળી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવે તો 'અન્ન સુરક્ષા ધારો'ને કશી આંચ આવવાની નથી. એનું ભાવિ બહુ ઉજ્જવળ છે.

(મૂળ લેખ **When friends and foes are the same**)
('ધ હિન્દુ' તા.૧૦-૭-૨૦૧૩)

લેખક: એમ. કે.વેનુ    અનુવાદક: ફાધર વિલિયમ

**માનવના અંતરમાં ભલાઈ પડી છે, એને જગાડી શકાય છે,**
**એવો વિશ્વાસ રાખી મેં કામ કર્યું તો**
**ભગવાને એવું જ દર્શન પ્રગટ કર્યું.**
**માનવના અંતરમાં અદેખાઈ, દ્વેષ, લોભ વગેરે પડ્યાં છે**
**એવું માનીને હું લોકો પાસે જાત તો**
**ભગવાન મને એવું દર્શન કરાવત**
**એમ પણ હું માનું છું**
**એટલે મને આમાં સમજાઈ ગયું છે કે**
ભગવાન કલ્પતરુ છે.
***આપણે જેવી કલ્પના કરીએ***
***એવા રૂપે એ પ્રગટ થાય છે.***



*વિનોબા ભાવે*

## જાણવા જેવું

### અભિનંદન !

### પ્રો.ડો. મીનાક્ષીબેન વાણીયા



શ્રીમતિ મીનાક્ષીબેન વાણીયાએ 'સંપૂર્ણ પ્રભુત્ત્વ અધ્યયન કાર્યક્રમ'વિષયે સંશોધન કરીને એસ.પી.યુનિવર્સીટી, વ.વિદ્યાનગરમાંથી પી.એચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી છે. તેઓ આર.પી.અનડા કોલેજ ઓફ એજ્યુકેશન, બોરસદમાં ૨૦૦૫, નવેમ્બરથી અધ્યાપન કાર્ય કરે છે. સંશોધનનું લક્ષ્ય મહત્તમ શિક્ષણ મહત્તમ સંખ્યામાં વિદ્યાર્થીઓને કેવી રીતે આપી શકાય તે છે. ડો.મીનાક્ષીબેન 'રિશ્તા' સંચાલિત શિબિરોમાં નિયમિત ભાગ લેતાં હતાં. તેમની લઘુકથાઓ 'કુમાર' સામયિકમાં પ્રસિદ્ધ થઈ છે. તેમણે લખેલું એક રેડિયો નાટક આકાશવાણી પરથી પ્રસારિત થયું છે.

'નવ વિધાન' તેમને હાર્દિક અભિનંદન પાઠવે છે.

### ધર્મના બેઝ પર કરવામાં આવતો અન્યાય




૧૯૫૦માં રાષ્ટ્રપતિએ વટહુકમ બહાર પાડીને દલિત સમૂહોને ભારતીય બંધારણે આપેલા અનામતના લાભો માત્ર હિંદુ ધર્મ પાળતા હોય તેમને જ મળશે એવું જાહેર કર્યું જેને કારણે ઉક્ત વર્ગોમાંથી ધર્માંતર કરીને ઈસાઈ બનેલા સમૂહો આ લાભોથી વંચિત કરાયા છે. આ બાબત ધર્મના બેઝ પર કરવામાં આવતો ઘોર અન્યાય છે. આ અન્યાય દૂર કરવા માટે ભારતના વિવિધ ઈસાઈ સંપ્રદાયોએ લડત ઉપાડી છે ને મામલો સુપ્રિમ કોર્ટ સુધી પહોંચ્યો છે.

તાજેતરમાં આ બાબતે નવી દિલ્હી ખાતે એક બહુ જ મહત્ત્વની મિટિંગ યોજાઈ ગઈ જેમાં ગુજરાતમાંથી આ લડતની આગેવાની લેનાર શ્રી રતિલાલ જાદવે હાજરી આપી હતી. તેઓ મિટિંગનો અહેવાલ આપતાં જણાવે છે કે કેસ આપણી તરફેણમાં છે કારણ ભા.જ.પ. અને શિવસેના સિવાય બીજા બધા જ રાજકીય પક્ષોએ આપણને ટેકો જાહેર કર્યો છે. જોકે લડત હજુ ચાલુ રાખવી પડશે એટલું જ નહિ આગામી જાહેર ચૂંટણીઓને લક્ષ્યમાં રાખી વ્યૂહ રચના ઘડી લડતને અહિંસક છતાં ઉગ્ર બનાવવી પડશે. વ્યૂહરચના ઘડવા માટે એક સમિતિની રચના કરવામાં આવી છે ને ટૂંક સમયમાં વિગતે તેની માહિતી સમગ્ર ભારતના ઈસાઈ સમૂહોને પહોંચાડવામાં આવશે.

હિંદુઈઝમના હઠાગ્રહીઓ દાવો કરે છે કે ફક્ત હિંદુધર્મ પાળનારાઓ જ ભારતના નાગરિકો છે, બીજા નહિ.

**"જો હિંદુ રાજ આવે તો દેશ ઉપર આવી પડેલી એ મોટામાં મોટી આફત હશે એમાં લેશમાત્ર શંકા નથી. હિંદુઓ ભલેને ગમે તે કહેતા હોય પણ હિંદુઈઝમ તો સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા માટે ખતરારૂપ છે. એટલે જ, લોકશાહી સાથે તેને મેળ ખાય નહિ. આપણે ગમે તે ભોગે પણ હિંદુરાજ સ્થપાતું રોકવું જ પડશે."**
- ડો.આંબેડકર

# વાદે વાદે જાયતે તત્ત્વબોધઃ

(દલીલબાજી, ચર્ચા, સંવાદ . . .થી જ્ઞાન પ્રગટે છે, પ્રસરે છે)

*'નવવિધાન'*ના આ વિભાગ દ્વારા અહીં યા અન્ય ઠેકાણે પ્રસિદ્ધ થયેલાં લખાણો પરત્વે મુક્તપણે વાચકો તેમનાં મંતવ્યો રજુ કરીને, આપણા સહુના માનસિક લઘુ વિશ્વને વિશાળ બનાવવામાં પોતાનું કિંમતી પ્રદાન કરે એવો ઉદ્દેશ છે. મંતવ્યોમાં જેના તેના વિચારોને, નહિ કે એ વ્યક્તિને પડકારીએ છીએ. એટલે, લખાણમાં વિવેક અને વિનય જળવાય એની યાદ કરાવવાની ન હોય. પત્રલેખકનો ફોટો પણ આવકાર્ય છે. હા, મંતવ્યો જે તે પત્રલેખકનાં હશે પરંતુ, *'નવવિધાન'* માં તે પ્રસિદ્ધ કરાતાં હોઈ *'નવવિધાન'* તેને માટે જવાબદાર હશે.

## સામાજિક નિસબત

મે,૨૦૧૩ના 'દૂત' માં શ્રી રાજુલ આઝાદ દ્વારા યોજવામાં આવનાર GPSC પ્રિલિમ પરીક્ષાની પૂર્વતૈયારી માટેની ગ્રીષ્મ શિબિરની જાહેરાત વાંચી ઘણો આનંદ અનુભવ્યો અને એ માટે રાજુલભાઈને આપણા સહુનાં, બહુધા યુવાવર્ગનાં, અભિનંદન ઘટે છે. આજે અગાઉ નહોતી તેવી ઉચ્ચ વેતનોવાળી વિવિધ પ્રકારની નોકરીઓ, કમાણી તથા કારકિર્દી બનાવવાની વિપુલ તકો ઉપલબ્ધ થઈ છે તેવા સંજોગોમાં ગુજરાતી કેથોલિક યુવક-યુવતીઓને વ્યાવસાયિક માર્ગદર્શન તેમજ સંબંધિત પરીક્ષાઓની તૈયારી માટે આ પ્રકારની તાલીમ શિબિરોની ઘણી જરૂર છે જે રાજુલભાઈ પૂરી પાડી રહ્યા છે તે ખરેખર આવકારદાયક છે.

સરકારી ઉચ્ચ હોદ્દા પર બેઠેલા ગુજરાતી કેથોલિકોમાં રાજુલભાઈ, સામાજિક નિસબત જેમને હૈયે ધબકતી હોય તેવા ગણ્યાગાંઠ્યા ઉચ્ચ અધિકારીઓમાંના એક છે. સરકારી નોકરીમાં પ્રમોશન મળ્યે ઉચ્ચ હોદ્દો પ્રાપ્ત થાય ત્યારે કેટલાક કેથોલિકો ફોટા સહિત પોતાની સિદ્ધિની જાહેરાત કરે છે. પરંતુ, એમાંના કોઈક જ રાજુલભાઈની જેમ, કેથોલિક યુવાવર્ગને કે સમાજને, એક યા બીજી રીતે ઉપયોગી થવા આગળ આવે છે. આ પ્રકારની જાહેરાતો દ્વારા એટલી હદે 'હું'ને ન પ્રસરાવીએ કે પોતાનો સમાજ ઢંકાઈ જાય; સામાજિક નિસબત વિસારે પડે અને સમાજ પ્રતિ ઉદાસીનતા આપણામાં ઘર ઘાલી જાય. ઉચ્ચ હોદ્દો જેમને પ્રાપ્ત થયો છે તેવા બધા કેથોલિકો રાજુલભાઈની જેમ શિબિરો યોજવાની ક્ષમતા ન ધરાવતા હોય યા સમય ના ફાળવી શકતા હોય એ સ્વાભાવિક છે. એવા ઉચ્ચ હોદ્દો ધરાવતા કેથોલિકોને મારું વિનમ્ર સૂચન છે કે, તેઓ ખર્ચાળ જાહેરાતને બદલે, પ્રસ્તુત શિબિરોના આયોજન પાછળ થતા ખર્ચને પહોંચી વળવા તેમજ જરૂરિયાતમંદ લાયક શિબિરવાંચ્છુને તેની ફી ભરવા માટે આર્થિક સહાય કરે અને એ શુભાષયે પ્રતિ વર્ષ પોતાનું એક માસનું વેતન શિબિર આયોજકો પાસે (અથવા મારી પાસે) જમા કરાવે. ખુદ પોતાનામાં તથા સ્વ-પરિવારમાં સામાજિક નિસબત પેદા કરવા માટે ગજવાને સ્પર્શતું આવું ઉપકરણ ઘણું અસરકાર નીવડશે જેની હું પાકી ખાતરી આપું છું. વળી,

**સામાજિક નિસ્બત વિનાનું જીવન એ ઈસુપંથી જીવન નથી એ કહેવાનું ના હોય.**

''તુજ દીધી શક્તિઓ જે જે, સ્વારથમાં ખરચું નવ તે તે,
નિજને કેન્દ્ર કરી ભટકંતો વારજે રે.'' *(રવીન્દ્રનાથ ટાગોર)*

*ફાધર વિલિયમ*

## કર્મવગરની શ્રદ્ધા નકામી છે !

'દૂત' (સપ્ટેમ્બર)માં મા.બિશપ થોમાસ મેકવાને ઉપરોક્ત શીર્ષક હેઠળ એક ઘણો જ પ્રેરણાદાયક અને પડકારરૂપ લેખ લખ્યો છે જે વાંચવો ઘટે. લેખમાં ઈસુપંથીઓની વિવિધ પ્રકારની ભક્તિઓ જેવીકે, મહિનાના પ્રથમ રવિવારે ખંભોળજ, સલુણ ગામે પ્રથમ શુક્રવાર, પોટા, ટાબોર, બીલાસપુર, ઈઝરાયેલ વગેરે ભક્તિઓ-યાત્રાઓનું મહત્ત્વ સમજાવી તેની કદર કરતાં તેઓ લખે છે :



''ભક્તિ તો જરૂરી છે જ, પણ સાથે સાથે પ્રભુ કાર્યો પણ માંગે છે. માનવીના જીવનમાં સારાં ફળો પાકવાં જોઈએ તે બાબતે પ્રભુ ઈસુ ખ્રિસ્ત 'ફળ ના આપતું અંજીરનું વૃક્ષ'ની દૃષ્ટાંત કથા સંભળાવે છે. યાકોબના પત્રમાં પણ શ્રદ્ધા અને કાર્ય વચ્ચેનો સંબંધ સમજાવતાં સંત યાકોબ લખે છે કે, *'જેમ પ્રાણ વગરનો દેહ મરેલો છે, તેમ કાર્યો વગરની શ્રદ્ધા પણ મરેલી છે.'* ''

''કોઈ વ્યક્તિ જો બડાસ મારતી હોય કે તે ઈશ્વર પર પ્રેમ રાખે છે પણ જો એનામાં સેવારૂપી ફળ ના હોય તો તેની શ્રદ્ધા અને ઈશ્વર પ્રત્યેનો પ્રેમ ખોખલો છે. તેની ભક્તિ માત્ર ઘોંઘાટ અને દંભ બની જાય છે. કોઈ રોજ દેવળમાં જતું હોય, પ્રાર્થનાઓ પણ ખૂબ કરતું હોય પણ વ્યવહારમાં બીજાને હાની, દુઃખ, નુકસાન, અપમાનિત, અન્યાય કરતું હોય, (પોતાનો જ વિચાર કરતું સ્વાર્થી હાય) તો તેવી વ્યક્તિની ભક્તિ પ્રશ્નાર્થ બને છે.''

મારી તપશ્ચર્યાનો હિમાલય ત્યાં જ છે,



જ્યાં હજીદરિદ્રતા પડી છે ને તેને કાઢવાની છે, શોષણ દૂર કરવાનું છે, દુઃખ નિવારવાનું છે. દેશમાં એક પણ માણસ જ્યાં સુધી જીવનની જરૂરિયાતોથી વંચિત હોય ત્યાં સુધી મને શાંતિ ન વળે અને હું પગ વાળીને બેસી ના રહું. - ગાંધીજી

---

પત્રવ્યવહાર, લખાણો તથા મંતવ્યો મોકલવાનું સરનામું.

**ફાધર વિલિયમ, 'રિશ્તા' આશાદીપ, નાના બજાર, વિદ્યાનગર. જિ.આણંદ ૩૮૮ ૧૨૦, મો : ૯૪૨૭૦૨૬૦૮૩**